સ્વામી વિવેકાનંદજીના જીવન વિચારધારા આધારિત નાટ્ય ભજવવામાં આવ્યું

# એમએસયુમાં યુવા દિવસ નિમિત્તે સ્વદેશી માર્ચ યોજવામાં આવી



(પ્રતિનિધિ) કાલોલ:, તા.12

મહારાજા સયાજીરાવ યુનિવર્સીટીમાં યુવા દિવસ નિમિત્તે યુનિવર્સીટી અને સ્વદેશી જાગરણ મંચ દ્વારા રન ફોર સ્વદેશી માર્ચ અને સ્વામી વિવેકાનંદજીના જીવન પર નાટ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 500 થી વધુ વિદ્યાર્થીઓએ સ્વદેશી વસ્તુઓ અપનાવવા સંકલ્પ માટે પ્રતિજ્ઞા લીધી હતી.

સ્વામી વિવેકાનંદજીના જન્મદિનને દેશભરમાં યુવા દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ અવસરે વિશ્વ વિખ્યાત મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી તથા સ્વદેશી જાગરણ મંચના સંયુક્ત ઉપક્રમે રન ફોર સ્વદેશી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાર્પણ કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ સહિત પ્રોફેસરો પગપાળા હંસા મહેતા લાઇબ્રેરીથી પ્રોફેસર સી.સી. મહેતા ઓડિટોરિયમ સુધી જોડાયા હતા, કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ સ્વદેશી અને સ્વાવલંબન અંગે વિદ્યાર્થીઓ તથા સમાજમાં જાગૃતિ ફેલાવવાનો હતો. ત્યારબાદ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર ભાલચંદ્ર ભાણગે, રજીસ્ટ્રાર કે.એમ ચુડાસમા તમામ ફેકલ્ટીના ડીન, સ્વદેશી જાગરણ મંચના કેતન ઉપાધ્યાય અને બંસીભાઇ પંચાલ તેમજ ટીચિંગ સ્ટાફની આગેવાની હેઠળ સ્વદેશી માર્ચ યોજાઈ હતી. જે સી.સી. મહેતા ઓડિટોરિયમ ખાતે પૂર્ણ થઈ હતી, આ પછી યુનિવર્સિટી દ્વારા સ્વામી વિવેકાનંદજીના જીવન અને વિચારધારાને આધારે નાટકનું આયોજન કરવામાં આવ્યું હતું, સાથે જ વિદ્યાર્થીઓને સ્વદેશી સંકલ્પ માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી.

પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશયલી એબલ્ડ શાળાના બાળકો માટે આનંદોત્સવ

# ભંભાણી પરિવારે 10 મનોદિવ્યાંગ બાળકોની આજીવન જવાબદારી સ્વિકારી

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

સેવા પરમો ધર્મની ઉક્તિને જીવતા શહેરના વારસીયા વિસ્તારમાં રહેતા ભંભાણી પરિવારે આસ્થા ફાઉન્ડેશન સંચાલિત પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી એબલ્ડ શાળાના 10 મનોદિવ્યાંગ બાળકોની આજીવન જવાબદારી સ્વિકારવાનો નિર્ણય લેતા બાળકોમાં આનંદની લાગણી ફેલાઈ હતી.

જે વિશે માહિતી આપતા હરગુન ભંભાણી અને તેમના ધર્મપત્નિ સપના ભંભાણીએ જણાવ્યું હતું કે, મનોદિવ્યાંગ બાળકોનો સર્વાંગીક વિકાસ માટે કાર્ય કરતા આસ્થા ફાઉન્ડેશન સાથે જોડાઈને અમને આનંદની લાગણીનો અનુભવ થાય છે. હાલમાં અમારા પરિવારમાં 4 બાળકો છે પરંતુ રેણુકાબેન પંચાલ અને ફાલ્ગુનીબેન રાઠવાના માર્ગદર્શનમાં ચાલતી પરિવર્તન સ્કૂલ ફોર સ્પેશ્યલી



એબલ્ડ શાળાના 10 મનોદિવ્યાંગ બાળકોની જવાબદારી સ્વીકારતા અમારો પરિવાર હવે 14 બાળકોનો થઈ ગયો છે. અમારું માનવું છે કે, પ્રત્યેક વ્યક્તિએ તેમની કમાણીનો ચોક્કસ ભાગ સેવાકાર્યમાં અર્પણ કરવો જોઈએ અને જો આપણને પૃથ્વી પરના દેવ સમાન મનોદિવ્યાંગ બાળકોની સેવા કરવાનો અવસર પ્રાપ્ત થતો હોય તો તેના કરતા ઉત્તમ કોઈ સેવા કે પુણ્યનું કાર્ય ના હોઈ શકે. હાલના યુવાનોએ માનવતાના મૂલ્યોને સમજીને ખાસ પ્રકારના બાળકો સાથે સમય વિતાવવો જોઈએ

કામ આપો, ભીખ નહીં મનરેગા અમારો હક છે

# ‘કોંગ્રેસ દ્વારા મનરેગા બચાવો આંદોલન’ની દેશવ્યાપી અને રાજ્યવ્યાપી ઘોષણા

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

આજ રોજ વડોદરા શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા વડોદરા શહેરના ગાંધીનગર ગૃહ ખાતે ‘મનરેગા બચાવો આંદોલન’ અંતર્ગત ગાંધી ચિંધીયા માર્ગે શાંતિપૂર્ણ ધરણાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ આંદોલનનો મુખ્ય હેતુ ભાજપ સરકાર દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામિણ રોજગાર ગેરંટી યોજના (મનરેગા)ના મૂળ આત્માને ખોખલું બનાવવાની નીતિઓ સામે વિરોધ નોંધાવવાનો છે. રોજગારને અધિકાર તરીકે આપતો આ કાયદો આજે સરકારની મનમાની, ફંડમાં ભારે કપાત અને કેન્દ્રિકરણની નીતિઓને કારણે અસ્તિત્વના ગંભીર સંકટમાં મુકાયો છે. નવી જોગવાઈઓ દ્વારા ગ્રામસભા અને પંચાયતોના અધિકારો છીનવી લેવામાં આવ્યા છે અને સમગ્ર નિયંત્રણ દિલ્હી ખાતે કેન્દ્રિત કરવામાં આવ્યું છે.મનરેગા અંતર્ગત કામના દિવસોમાં ઘટાડો કરવામાં આવ્યો છે, મજૂરી ચુકવણીમાં ભારે વિલંબ થાય છે તેમજ ન્યાયસંગત મજૂરી ન મળવાને કારણે ગામડાના ગરીબ, ખેડૂત, જમીનવિહોણા મજૂરો, મહિલાઓ, દલિત અને આદિવાસી સમુદાયો સૌથી વધુ અસરગ્રસ્ત બન્યા છે. કેન્દ્ર સરકાર દ્વારા બજેટમાં કરવામાં આવેલી ભારે કપાતના કારણે ગુજરાત સહિત સમગ્ર દેશમાં ગ્રામિણ અર્થવ્યવસ્થાને ગંભીર નુકસાન પહોંચ્યું છે. કોંગ્રેસનું સ્પષ્ટ માનવું





છે કે મનરેગા કોઈ દાન નથી પરંતુ સંવિધાનિક અધિકાર છે. મહાત્મા ગાંધીના નામે ચાલતી આ યોજના ને નબળી પાડવી એ સમગ્ર ગ્રામિણ ભારતનું અપમાન છે. ભાજપ સરકાર રોજગારના વચનો આપે છે પરંતુ હકીકતમાં કામના દિવસો અને મજૂરી ઘટાડીને બેરોજગારી વધારી રહી છે.વડોદરા શહેરના ગાંધીનગર ગૃહ ખાતે કોંગ્રેસ પક્ષ દ્વારા શાંતિપૂર્ણ રીતે ધરણા અને પોસ્ટર દેખાવો નો કાર્યક્રમ યોજાઈ રહ્યો હતો ત્યારે તાનાશાહી વલણ દાખવી સરકાર દ્વારા પોલીસનો ઉપયોગ કરી વડોદરા શહેર કોંગ્રેસના આગેવાનોને બળજબરીથી પોલીસ વાહનમાં બેસાડી રાવપુરા પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં જોડાઈ અને પોલીસ દ્વારા ડિટેન કરવામાં આવેલા આગેવાનોના નામ નીચે મુજબ છે: વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખઃ ઋત્વિજ જોષી, મહાનગર પાલિકા વિપક્ષ નેતાઃ શ્રી ચંદ્રકાંત શ્રીવાસ્તવ (ભથ્થુભાઈપ કોર્પોરેટરઃ પુષ્પાબેન વાઘેલા , પ્રદેશ નેતાઃ ભીખાભાઈ રબારી, શહેર હોદેદાર અને ફ્રન્ટલ ડિપાર્ટમેન્ટ ચેરમેનઃ મહેશ સોલંકી, પાર્વતીબેન રાજપુત, જાગૃતિબેન રાણા, પ્રવક્તાઃ કપીલ જોષી, ડો. નિકુલ પટેલ, વિશાલ પટેલ, તમામ ૧૯ વોર્ડના વોર્ડ પ્રમુખો, શહેર-પ્રદેશના હોદ્દેદારો તથા પંચાયતથી રાજ્ય સ્તર સુધી ગુજરાત કોંગ્રેસ દ્વારા કેન્દ્ર સરકારની મજૂર વિરોધી નીતિઓ સામે અને મનરેગાને કમજોર કરવાની સાજિશ સામે ‘મનરેગા બચાવો આંદોલન’ ની રાજ્યવ્યાપી ઘોષણા કરવામાં આવી છે. આ આંદોલન પંચાયત, બ્લોક, જિલ્લા તેમજ રાજ્ય સ્તરે લડવામાં આવશે. કોંગ્રેસ પક્ષ ગરીબ અને શ્રમિકોના હક્ક માટે રસ્તા પર ઉતરીને લડત લડશે. મનરેગાને સંપૂર્ણ રીતે અમલમાં મૂકવું, ફંડ સમયસર અને પૂરતું ફાળવવું, ગ્રામસભા અને પંચાયતોના અધિકારો પુનઃસ્થાપિત કરવું તેમજ કામના દિવસો અને મજૂરીમાં વધારો કરવાની માંગ સાથે આ આંદોલન આગળ વધશે.

# વડોદરાના પતંગ બજારમાં ઉતરાયણનો ‘પેચ’ જામ્યો: 100 કરોડના ટર્નઓવરની આશા

## ભાવમાં નજીવો વધારો છતાં પતંગ રસિયાઓ બેફામ; વાડી, ચોખંડી અને રાવપુરાના બજારો ગ્રાહકોથી ઉભરાયા

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

વડોદરા ઉતરાયણના પર્વને હવે ગણતરીના દિવસો જ બાકી રહ્યા છે, ત્યારે સંસ્કારી નગરી વડોદરાના પતંગ બજારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડોદરાનું પતંગ બજાર મધ્ય ગુજરાતનું સૌથી મોટું બજાર ગણાય છે, જ્યાં અત્યારે પતંગ રસિયાઓ પતંગ અને દોરાની ખરીદીમાં વ્યસ્ત બન્યા છે. વડોદરાના જૂના શહેરના વિસ્તારો જેવા કે વાડી, ચોખંડી, રાવપુરા તેમજ અલકાપુરી અને રેસકોર્સ જેવા વિસ્તારોમાં પતંગની હાટડીઓ તૈયાર થઈ ગઈ છે. વેપારીઓના મતે વડોદરામાં પતંગનો વાર્ષિક વેપાર અંદાજિત રૂ. 100 કરોડ સુધી પહોંચે છે. આ વર્ષે બજારમાં 'પટેલ', 'દુગ્ગા' અને 'અડધિયા' જેવી પતંગોની વિશેષ માંગ જોવા મળી રહી છે. આ વર્ષે પતંગ અને દોરાના ભાવમાં ગત વર્ષની સરખામણીએ 20 થી 30 રૂપિયા (100 નંગ દીઠ) એટલે કે નજીવો વધારો જોવા મળ્યો છે. વેપારી સાજીદ મેમણે જણાવ્યું હતું કે, છેલ્લા કેટલાક વર્ષોની મંદી બાદ આ વર્ષે વેપાર સારો છે. વેપારીઓએ આ વખતે માલ ઓછો બનાવ્યો હોવાથી બજારમાં ભાવ જળવાઈ રહ્યા છે અને ગ્રાહકોનો પણ સારો પ્રતિસાદ મળી રહ્યો છે. વડોદરાની ઉતરાયણ વિશ્વભરમાં પ્રખ્યાત છે. ખાસ કરીને વડોદરાના એનઆરઆઈ લોકો મોટી સંખ્યામાં સ્પેશિયલ ઉતરાયણની ઉજવણી કરવા માટે વડોદરા આવે છે. આ ઉપરાંત અન્ય જિલ્લાઓમાંથી પણ લોકો ખરીદી માટે અહીં ઉમટી પડ્યા છે. ગ્રાહકોના મતે ભાવમાં બહુ મોટો તફાવત ન હોવાથી તેઓ મન મૂકીને ખરીદી કરી રહ્યા છે. બજારમાં ચાઈનીઝ દોરી અને ચાઈનીઝ તુક્કલના વેચાણ પર પોલીસ દ્વારા કડક વોચ રાખવામાં આવી રહી છે. વેપારીઓએ પોલીસની કામગીરીને આવકારી છે અને જણાવ્યું છે કે પોલીસ દ્વારા સમયાંતરે ચેકિંગ કરવામાં આવે છે,

# પ્રિન્સ અશોકરાજે અને દેવયાની રાજે ગાયકવાડ શાળામાં 'ઉતરાયણ પર્વ'ની ઉજવણી કરાશે

(પ્રતિનિધિ) વડોદરા, તા.12

પ્રિન્સ અશોકરાજે ગાયકવાડ અને દેવયાની રાજે ગાયકવાડ શાળા દ્વારા આગામી ઉતરાયણ (મકરસંક્રાંતિ) પર્વની ભવ્ય ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તારીખ : ૧૩/૦૧/૨૦૨૬, મંગળવારના રોજ સવારે ૧૦:૩૦ કલાકે શાળાના પ્રાંગણમાં યોજાશે. શાળાના આશરે ૧૮૦૦ જેટલા વિદ્યાર્થીઓ અને ૧૦૦ જેટલા શિક્ષકો આ ઉત્સાહભેર ઉજવણીમાં ભાગ લેશે. જેમાં વિવિધ સમાજની પરંપરાગત વેશભૂષામાં સજ્જ શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા મકરસંક્રાંતિનો તહેવાર ભારતભરમાં અલગ-અલગ રાજ્યો અને સમાજો દ્વારા વિવિધ પરંપરાગત રીતોથી ઉજવવામાં આવે છે. આ સાંસ્કૃતિક વિવિધતાને સન્માન આપવા અને તેની સુંદરતા દર્શાવવા માટે શાળાએ એક અનોખું આયોજન કર્યું છે. શિક્ષકો અને વિદ્યાર્થીઓ વિવિધ રાજ્યો અને સમાજોની પરંપરાગત વેશભૂષા ધારણ કરીને આ તહેવારની ઉજવણીની ઝલક રજૂ કરશે. આ પ્રસ્તુતિમાં ગુજરાત, મહારાષ્ટ્ર, તમિલનાડુ, પંજાબ, આસામ જેવા વિવિધ પ્રદેશોની સંક્રાંતિ ઉજવણીની આગવી શૈલી જોવા મળશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં ભારતીય સંસ્કૃતિની વિવિધતા પ્રત્યે જાગૃતિ કેળવવાનો અને સાંસ્કૃતિક વારસાનું જતન કરવાનો છે. જેમાં પંજાબી સમાજ દ્વારા મનાવવામાં આવત લોહરી પર્વ, મહારાષ્ટ્રીયન લોકો દ્વારા પરંપરા મુજબ હલ્દી કંકુ, તિલ ગુડ ખાવાની પરંપરા, તમિલ સમાજ દ્વારા ઉજવવામાં આવતા પોંગલ વાનગી જે ઘી ગોળ અને ચોખાથી બને છે તથા ગુજરાતીઓ દ્વારા ઊંધિયું અને જલેબી ખાવાની જે પ્રથા ચાલે છે તેને રજૂ કરવામાં આવશે. સાથે સલામતી અને સાવચેતી રાખી ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવાની પણ સમજ આપવામાં આવશે.

# વડોદરાના જય અંબે ગ્રાઉન્ડ ખાતે ગિરિકંદરા મહોત્સવમાં ભવ્ય અન્નકૂટ મહા મહોત્સવ 600 સેવ્ય સ્વરૂપ ઠાકોરજી પધાર્યા



■ વડોદરાના વાઘોડિયા રોડ સ્થિત જય અંબે ગ્રાઉન્ડ ખાતે ચાલી રહેલા ગિરિકંદ્રા મહોત્સવના દ્વિતીય દિવસે તા. 11 જાન્યુઆરીના રોજ વૈષ્ણવોના સેવ્ય સ્વરૂપ ઠાકોરજીનો ભવ્ય અન્નકૂટ મહામહોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે વૈષ્ણવોના આશરે 600 જેટલા સેવ્ય સ્વરૂપ ઠાકોરજી પધાર્યા હતા અને ગીરીરાજજીની વિવિધ કંદરામાં બિરાજી ભવ્ય અન્નકૂટનો આરોગ કરવામાં આવ્યો હતો. આ મહોત્સવ દરમિયાન વડોદરાના પુષ્ટિમાર્ગ વૈષ્ણવ સંપ્રદાયની સર્વપ્રથમ આંતરરાષ્ટ્રીય સંસ્થા વલ્લભયુથ ઓર્ગેનાઈઝેશન (VYO) ના સંસ્થાપક તેમજ વલ્લભાચાર્યજી પીઠ વ્રજધામ સંકુલના ગાદીપતિ, પૂજ્યપાદ ગોસ્વામી 108 શ્રી વ્રજરાજકુમારજી મહારાજશ્રીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે ઠાકોરજીને અન્નકૂટ ભોગ ધરાવી આરતી કરી હતી. તેમના મંગલ વચનામૃતથી ઉપસ્થિત વૈષ્ણવો ભાવવિભોર બની ગયા હતા. આ અન્નકૂટ મહોત્સવમાં આશરે 4000 જેટલા વૈષ્ણવોએ ભાવપૂર્વક ભાગ લઈ ધર્મલાભ લીધો હતો.

પોક્સો વિથ બળાત્કાર ગુજારનાર 9 આરોપીને નરાધમોને 20 વર્ષ માટે જેલના સળિયા પાછળ ધકેલાયાં

# વર્ષ 2025માં વડોદરામાં હત્યા તથા સગીરા પર દુષ્કર્મ ગુજારનાર 5 આરોપીને આજીવન કેદ

## અન્ય આરોપીઓમાં કાયદાનો ડર રહે તથા ફરીવાર આવા કોઇ ગંભીર ગુના ના આચરે માટે સજા કરાઇ

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

વડોદરા શહેરના અલગ અલગ વિસ્તારોમાં હત્યા, હત્યાનો પ્રયાસ, પોક્સ વિથ બળાત્કાર અને એનડીપીએસના ગુનાને આરોપીઓ અંજામ આપતા રહેતા હોય છે. જેના પર અંકુશ રાખવા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ તથા વાહન ચેકિંગ કરી ગુનાખોરી ઘટાડવા પ્રયત્ન કરાય છે અને આરોપીઓને પકડી કોર્ટમાં રજૂ બીજીવાર ગુનો આચરે નહી તેના માટે સજા ફટકારાતી હોય છે. જેમાં આ ગંભીર પ્રકારના ગુના જેવા કે હત્યા તથા સગીરા સાથે બળાત્કારના ગુનામાં વડોદરામાં 5 આરોપીને આજીવન કેદની સજા કોર્ટ દ્વારા ફટકારાઇ છે. તેવી જ રીતે સગીરા દુષ્કર્મ ગુજારનાર 9 આરોપીને 20 વર્ષની સજા માટે જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યાં છે. વડોદરા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે શહેર પોલીસ દ્વારા સતત પ્રયાસ કરવામાં આવતા હોય છે. જેના માટે પોલીસ અધિકારીઓ દ્વારા અલગ અલગ વિસ્તારોમાં સઘન વાહન ચેકિંગ તથા પેટ્રોલિંગ પણ કરવા માટેની સુચના આપે છે.

પરંતુ ગુનોગારોને જાણે કોઇ પ્રકારનો ડર ન હોય તેમ બિન્દાસ્ત રીતે આગળની પાછળ તેમના પરિવારના સભ્યોની પરવા કર્યા વિના કાયદો પોતાના હાથમાં લઈને ગુનો આચરી દેતા હોય છે. જેમાં રોષ ભરાયેલા લોકોમાં એક પ્રકારનું ઝનૂન ઉપડ્યું હોય તેના વશ થઈને ખુન તથા ખુનની કોશિશ જેવા ગુનાને અંજામ આપી દેતા હોય છે.

પરંતુ જ્યારે કોર્ટ દ્વારા તેમને સજા ફટકારે ત્યારે પોતાની ભુલનો અહેસાસ થાય છે. તેવી જ રીતે વડોદરા શહેરમાં લોકો જાણવા હોય છે કે પોક્સો તથા દુષ્કર્મના ગુનામાં જેલ થવાની તેમ છતાં સગીરાનું લગ્નની લાલચ આપી અપહરણ કર્યા બાદ તેના પર દુષ્કર્મ ગુજારતા હોય છે, બીજી તરફ કેટલાક લોકો દ્વારા યુવતીઓ તથા સગીરાઓની એકલતાનો લાભ લઇને તેમની સાથે બળાત્કાર ગુજારે છે. વર્ષ 2025માં હત્યા, હત્યાનો પ્રયા, સગીરા પર બળાત્કાર, બળાત્કાર અને એનડીપીએસના મળી કુલ 17 ગુના દાખલ થયા છે. આ તમામ ગુનાનો ગંભીર પ્રકારના ગુનામાં સમાવેશ થાય છે. ત્યારે આ ગુનામાં પોલીસ દ્વારા આરોપીને કોર્ટમાં રજૂ કરાતા તેમને સજા ફટકારાતી હોય છે. જેમાં વડોદરા શહેરમા વર્ષ 2025માં હત્યા તથા પોક્સો વિથ બળાત્કારના ગુનામાં પાંચ આરોપીને આજીવન કેદની સજા કોર્ટ દ્વારા ફરમાવવામાં આવી છે. તેવી જ રીતે પોક્સ અને બળાત્કાર ગુજારનાર 9 આરોપીને 20 વર્ષ કેદ સજા ફટકારાઇ છે.


**આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ** IDFC FIRST Bank

(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવાયેલી અને હાલમાં આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)

CIN : L65110TN2014PLC097792

રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 8મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ-600031.

TEL: +91 44 4564 4000 ફેક્સ : +91 44 4564 4022.

**પરિશિષ્ટ IV (નિયમ 8(1))**
**કબજાની નોટિસ (સ્થાવર મિલકત માટે)**

નીચે હસ્તાક્ષરિત વ્યક્તિ આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવાયેલ)ના અધિકૃત અધિકારી તરીકે નાણાકીય અસ્કયામતોના સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ અને કલમ 13(12) હેઠળ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 3 સાથે વાંચીને મળેલી સત્તાઓનો ઉપયોગ કરીને ૩૦.૦૮.૨૦૨૫ના રોજ ઉધાર લેનાર, સહ-ઉધાર લેનારાઓ અને ગેરંટરો ૧. ભીલ રણજીતભાઈ, ૨. ભીલ શાંતિભાઈ મુસાભાઈને નોટિસમાં દર્શાવેલ રકમ રૂ. ૨,૦૫,૯૨૯.૧૬/- (રૂપિયા બે લાખ પાંચ હજાર નવસો ઓગણત્રીસ અને સોળ પૈસા માત્ર) ૩૦.૦૮.૨૦૨૫ના રોજ, ઉક્ત ડિમાન્ડ નોટિસ મળ્યાની તારીખથી ૬૦ દિવસની અંદર ચૂકવવા કહેવામાં આવ્યું હતું.
ઋણ લેનારાઓ રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયા છે, આથી ઋણ લેનાર અને સામાન્ય જનતાને નોટિસ આપવામાં આવે છે કે નીચે સહી કરનારે સુરક્ષા હિત (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8 સાથે વાંચવામાં આવેલ અધિનિયમની કલમ 13ની પેટા-કલમ (4) હેઠળ તેમને આપવામાં આવેલી સત્તાનો ઉપયોગ કરીને અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો આજે તા. 07 જાન્યુઆરી, 2026ના રોજ મેળવ્યો છે.
આથી ખાસ કરીને ઋણ લેનારાઓને અને સામાન્ય રીતે લોકોને મિલકત સાથે વ્યવહાર ન કરવા માટે સાવધાન કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર આઇડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ (અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઇડીએફસી બેંક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી)ના રૂ. ૨,૦૫,૯૨૯.૧૬/- (રૂપિયા બે લાખ પાંચ હજાર નવસો ઓગણત્રીસ અને સોળ પૈસા માત્ર) રકમ અને તેના પર વ્યાજ ચાર્જને આધીન રહેશે.
ઋણ લેનારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો રિડીમ કરવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં કાયદાની કલમ 13ની પેટા-કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

**સ્થાવર મિલકતોનું વર્ણન**

તે બધો ટુકડો અને પાર્સલ ગામતળ મિલકત નં. ૫૯/૨, પંચાયત ફળિયું, ગામ આગર, તાલુકો તિલકવાડા, જિલ્લો નર્મદા, શહેર વડોદરા, ગુજરાત-૩૯૧૧૨૧, મેઝરિંગ વિસ્તાર: ૮૯.૨૨ ચો.મી., બિલ્ટઅપ વિસ્તાર: ૪૪.૬૧ ચો.મી. અને સીમા નીચે મુજબ છે: પૂર્વ- જાહેર માર્ગ, પશ્ચિમ- જાહેર માર્ગ, ઉત્તર- ભીલ કાંતિભાઈ મુસાભાઈનું ઘર, દક્ષિણ- ભીલ રાજેશભાઈ ચીમનભાઈનું ઘર.

એસડી/-
અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉની કેપિટલ ફર્સ્ટ લિમિટેડ અને આઈડીએફસી બેન્ક લિમિટેડ સાથે ભેળવવામાં આવેલી)

તારીખ: 07-01-2026
સ્થળ: ગુજરાત
લોન અકાઉન્ટ નં.: 115205459



**જેટકો, વર્તુળ કચેરી, ભરુચ**
**ભરતી અન્વયે જાહેરાત**
GETCO

**વિદ્યુત સહાયક (ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ) ની ભરતી પહેલા ભરુચ વર્તુળ કચેરી હેઠળના લાયક/પાત્રતા ધરાવતા એક્સ. એપ્રેન્ટીસ લાઇનમેનના દસ્તાવેજો ચકાસણી બાબત**

જેટકો હેઠળની ભરુચ વર્તુળ કચેરી અને તેના તાબા હેઠળની વિભાગીય કચેરીઓ જેવી કે ભરુચ, હલદરવા, અછાલીયા, કીમ તથા ભરુચ બાંધકામ કચેરી હેઠળ જે લોકોએ એપ્રેન્ટીસ લાઇનમેનની તાલીમ તારીખ ૩૧.૧૨.૨૦૨૫ સુધીમા સફળતા પૂર્વક પૂર્ણ કરેલ હોય અને ધોરણ ૧૦ (એસ.એસ.સી.) પાસ, આઇ. ટી. આઇ (ઇલેક્ટ્રીશીયન / વાયરમેન) પાસ હોય અને એપ્રેન્ટીસ લાઇનમેન ની તાલીમ પૂર્ણ કર્યા પછી એન.સી.વી.ટી / જી. સી. વી. ટી / એસ. સી. વી.ટી. પરીક્ષા પાસ કરેલ હોય તેવા એપ્રેન્ટીસ લાઇનમેનના દસ્તાવેજો ની ચકાસણી તારીખ ૧૬.૦૧.૨૦૨૬ થી ૨૩.૦૧.૨૦૨૬ (કામકાજના દિવસ દરમ્યાન) સવારે ૧૦.૩૦ થી સાંજના ૬.૦૦ વાગ્યા સુધી વિદ્યુત સહાયક (ઇલેક્ટ્રિકલ આસિસ્ટન્ટ) ની ભરતી અન્વયે ભરુચ વર્તુળ કચેરી ખાતે રાખવામાં આવેલ છે જે બાબતે લાયક / પાત્રતા ધરાવતા એક્સ. એપ્રેન્ટીસ લાઇનમેન ઉમેદવારોએ નીચે દર્શાવેલ તમામ જરૂરી દસ્તાવેજો અસલ તથા સ્વપ્રમાણિત નકલ લઈ રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે જેની ખાસ નોંધ લેવી.

1. તાજેતરના ૨ (બે) પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ
2. એસ.એસ.સી. પાસ કર્યાની માર્કશીટ
3. એપ્રેન્ટીસ લાઇનમેન ની તાલીમ પૂર્ણ કર્યા પછી એન.સી.વી.ટી / જી. સી. વી. ટી / એસ. સી. વી.ટી પાસ કર્યાની માર્કશીટ/સર્ટિફિકેટ
4. આઇ.ટી.આઇ. વાયરમેન / ઇલેક્ટ્રીશીયન પાસ કર્યાની માર્કશીટ/સર્ટિફિકેટ
5. સ્કુલ લીવીંગ સર્ટિફિકેટ
6. SC/ST ના જાતિઅંગેનું પ્રમાણપત્ર તેમજ SEBC ઉમેદવાર માટે માન્ય નોન-ક્રીમીલેયર પ્રમાણપત્ર ( પરિશિષ્ટ “ક” / પરિશિષ્ટ ‘‘૪’’) તથા EWS નુ માન્ય પ્રમાણપત્ર જે લાગુ પડતુ હોઇ તે
7. આધારકાર્ડ/પાસપોર્ટ / ચુંટણી કાર્ડ/ડ્રાઇવિંગ લાઇસન્સ

અધિક્ષક ઇજનેર (પ્રવહન)
જેટકો, વર્તુળ કચેરી, ભરુચ



**[પરિશિષ્ટ - IV-A] [નિયમ 8 (6) r/w 9(1)ની જોગવાઈ જુઓ]**
**સ્થાવર મિલકતના ઈ-હરાજી વેચાણ માટેની જાહેર નોટિસ**

**એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ**
સીઆઈએન: U67100MH2007PLC174759
રજિસ્ટર્ડ ઓફિસ: એડલવાઇસ હાઉસ, પહેલો માળ, ઓફ સીએસટી રોડ, કાલીના, મુંબઈ-400098

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ ગીરવે મૂકેલી સ્થાવર મિલકતના વેચાણ માટે ઈ-હરાજીની વેચાણ નોટિસ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, 2002ના નિયમ 8 (6) અને 9 (1)ની જોગવાઈઓ સાથે વાંચવામાં આવે છે.
નીચે દર્શાવેલ વિવિધ વેચાણ સંસ્થાઓ (જેને બાદમાં ‘અસાઇનર’ તરીકે ઓળખવામાં આવશે)ની નાણાકીય સુવિધાઓને એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડને સોંપવામાં આવી છે, જે નીચે આપવામાં આવેલી કોલમમાં સ્પષ્ટ રૂપે ઉલ્લેખિત વિવિધ ટ્રસ્ટીઓના ટ્રસ્ટીઓ તરીકે તેમની ક્ષમતામાં કાર્ય કરી રહ્યા છે. ઉક્ત અસાઇનમેન્ટના અનુસંધાનમાં EARCએ અસાઇનરની જગ્યા લીધી છે અને સુરક્ષિત લેણદાર તરીકે તેના અધિકારોનો ઉપયોગ કરે છે. ઉક્ત EARCએ સુરક્ષિત લેણદાર તરીકેની તેની ક્ષમતામાં SARFAESI એક્ટના 13(4) અને ત્યાંના નિયમો હેઠળ નીચે જણાવેલ સ્થાવર સુરક્ષિત સંપત્તિનો કબજો લીધો હતો.
આથી, આમ જનતાને સામાન્ય રીતે અને ખાસ કરીને ઉધાર લેનારાઓ અને બાંયધરી આપનારાઓને 15/30 દિવસની નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર સુરક્ષિત અસ્કયામતો સિક્યોર્ડ લેણદારની તરફેણમાં ગીરો છે, જેનો ભૌતિક કબજો અધિકૃત અધિકારી (AO) દ્વારા લેવામાં આવ્યો છે. જેને “જ્યાં છે ત્યાં”, “જેમ છે તેમ” અને “જે છે તે’’ આધાર પર EARCની નીચે દર્શાવેલ બાકી રકમની વસૂલાત માટે વેચવામાં આવશે. સાથે EARC દ્વારા ઉધાર લેનારા(ઓ) અને બાંયધરી આપનાર(ઓ)એ મેળવેલા કોઈપણ નાણાં માટે વધુ વ્યાજ અને તેના પરના અન્ય ખર્ચાઓ/કોસ્ટ વસૂલ કરવામાં આવશે. પ્રોપર્ટી માટે રિઝર્વ પ્રાઇસ અને ધ અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે ઉલ્લેખિત છે.

**ઈ-ઓક્શન માટે મૂકવામાં આવેલી સુરક્ષિત અસ્કયામતોની વિગતો:**

| લોન A/c નંબર/ વેચાણ સંસ્થા | ઋણ લેનાર/ સહ-ઉધાર લેનારનું નામ | ટ્રસ્ટનું નામ | કુલ બાકી રકમ રૂ. | અનામત કિંમત (રૂ.) | અર્નેસ્ટ મની ડિપોઝિટ (ઇએમડી) (રૂ.) | હરાજીની તારીખ અને સમય | પઝેશનનો પ્રકાર |
|---|---|---|---|---|---|---|---|
| ‘628058585/ HDFC બેંક લિ. | 1. અમીન ધર્મેશ રામજીભાઈ (ઉધાર લેનાર) 2. અમીન રૂપલ ધર્મેશ (સહ ઉધાર લેનાર) | EARC TRUST-SC 469 | રૂ. 1,18,06,390.63 ના રોજ 09-01-2026 | રૂ. 25,00,000/- | રૂ. 2,50,000 | ૨૯-જાન્યુ.-૨૦૨૬ બપોરે ૨:૦૦ વાગ્યે | ભૌતિક કબજો |

મિલકતનું વર્ણન:
“પ્રતાપ ટાવર” તરીકે ઓળખાતી ઇમારતમાં તૈયાર બિલ્ટ-અપ સ્થાવર મિલકતનો તે બધો ટુકડો અને પાર્સલ - ફ્લેટ નં.જી-૫, પહેલો માળ, ફ્લેટ વિસ્તાર ૧૩૫૦.૦૦ ચોરસ ફૂટ કાર્પેટ એરિયા જે જમીન ધરાવતા મહેસૂલ સર્વે નં.૩૭૬/૧, ૩૭૬/૨, ૩૭૯ પૈકી, ટી.પી. સ્કીમ નં.૧૮, ફાઇનલ પ્લોટ નં.૩૩૮, કુલ ૨૧૭૦૨ ચોરસ મીટર જમીન પર બાંધવામાં આવ્યો છે. વડોદરા કસ્બા ગામમાં મોજે રજિસ્ટ્રેશન જિલ્લા વડોદરામાં અને સબ-રજિસ્ટ્રેશન વડોદરા જિલ્લામાં આવેલું છે. ઉપરોક્ત મિલકત નીચે મુજબ સીમા ધરાવે છે: પૂર્વ: ચંદ્રકલા ટાવર. પશ્ચિમ: ફ્લેટ નં.જી-૪. ઉત્તર: આનંદવન સોસાયટી. દક્ષિણ: ફ્લેટ નં. જી-6. શહેર: વડોદરા રાજ્ય: ગુજરાત પિનકોડ: 390011

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ‘645243786 / HDFC બેંક લિમિટેડ | 1. પારગી ઈશ્વરભાઈ રત્નભાઈ (ઋણ લેનાર) 2. પારગી રમીલાબેન ઈશ્વરભાઈ (સહઋણ લેનાર) | EARC TRUST-SC 469 | રૂ. 49,71,116.39 10-01-2026ના રોજ | રૂ. 26,50,000/- | રૂ. 2,65,000/- | 29-01-2026 સાંજે 4:30:00 વાગ્યે | ભૌતિક કબજો |

મિલકતનું વર્ણનઃ. યુનિટ-૪૨, મિનાક્ષી ગ્રીન્સ, એસ નં. ૧૧૦૩/૧, એસઆરપી ટાઉનશીપની પાછળ, જીઆઈડીસીની પાછળ, લુણાવાડા રોડ, ગોધરાઃ ૩૮૯૦૦૧

**હરાજી પ્રક્રિયા સંબંધિત મહત્ત્વની માહિતી:**

| | | |
|---|---|---|
| 1. | EMD ડિમાન્ડ ડ્રાફ્ટ્સ (DD) “એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ- EMD એકાઉન્ટ”ની તરફેણમાં દોરવામાં આવશે. મુંબઈ ખાતે ચૂકવવાપાત્ર. | |
| 2. | RTGS દ્વારા કરવામાં આવેલ EMD ચુકવણીઓ નીચે મુજબ હોવી જોઈએ: એકાઉન્ટ નંબર એડેલવેઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ-EMD એકાઉન્ટ’’ના નામે -એકાઉન્ટ નંબર: 000405158602; બેંકનું નામ -ICICI બેંક; IFSC કોડ: IFSC ICIC0000004 | |
| 3. | EMD સબમિટ કરવાની છેલ્લી તારીખ | હરાજીની તારીખથી 1 દિવસ પહેલા પ્રાપ્ત. |
| 4. | બિડ્સ સબમિશન માટેનું સ્થળ | પહેલો માળ, એડલવાઈસ હાઉસ, ઓફ સીએસટી રોડ, કાલીના, મુંબઈ-400098 |
| 5. | હરાજીનું સ્થળ (ઓક્શન માટેની વેબ સાઇટ) | ઈ-ઓક્શન (https://auction.edelweissarc.in) |
| 6. | સંપર્ક વિગતો | કસ્ટમર કેર :1800 266 6540 |
| 7. | મિલકતનું નિરીક્ષણની તારીખ અને સમય | અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી. |

વેચાણની વિગતો અને શરતો માટે કૃપા કરીને EARCની વેબસાઈટ એટલે કે https://auction.edelweissarc.inમાં આપેલી લિંક પર જવું.

તારીખ: 13-01-2026
સ્થળ: મુંબઈ

અધિકૃત અધિકારી
ફોર એડલવાઇસ એસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડ

Edelweiss Asset Reconstruction



यूको बैंक UCO BANK (भारत सरकार का उपक्रम) (A Govt. of India Undertaking)
सम्मान आपके विश्वास का Honours Your Trust

મીડ કોર્પોરેટ અક્ષરચોક શાખા : ૧૪-૧૭, અર્થ કોમ્પ્લેક્ષ, અક્ષરચોક, જુના પાદરા રોડ, વડોદરા-૩૯૦૦૦૨. ● Email : barmcc@ucobank.co.in

**ડિમાન્ડ નોટિસ**

તા. ૧૨.૦૧.૨૦૨૬

પ્રતિ,
હોમ લોન A/c. No. : 20310610004593

૧. શ્રી માલિક માસુમ S/o. એમડી સફી તોહીદુર આર. માલિક (અરજદાર)
૨. શ્રીમતી સબીના માલિક (સહ-અરજદાર)
બધાનું સરનામું ૧) : ૬૫, એસ.વી.પી. રોડ, સૈયદવાડ, ગોધરા, જિ. પંચમહાલ ગોધરા-૩૮૯૦૦૧. ગુજરાત.
બધાનું સરનામું ૨) : ઘર નં. બી-૧૦૭, ગોકુલ ટાઉનશીપ, જીઈબી ટ્રેનિંગ સેન્ટરની પાછળ, ગોત્રી રોડ, ગોત્રી, વડોદરા-૩૯૦૦૨૧.

વિષય : સિક્યોરીટાઈઝેશન અને રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ અને એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ હેઠળ ૧૩(૨) નોટીસ. (હવે પછી અધિનિયમ કહેવાશે)

સાહેબ,

૧) તમારી વિનંતી પર, તમને **યુકો બેંક, મીડ કોર્પોરેટ અક્ષર ચોક શાખા** દ્વારા સમયાંતરે બેંકની તરફેણમાં સુરક્ષા રસ ઊભી કરતી વિવિધ અસ્કયામતો સામે નાણાકીય સહાય દ્વારા વિવિધ ક્રેડિટ સુવિધાઓ આપવામાં આવી છે. ઉક્ત ધિરાણ સુવિધાઓની સંબંધિત વિગતો અને તમારા દ્વારા અમલમાં આવેલ સુરક્ષા કરાર(ઓ)/દસ્તાવેજો અનુક્રમે જંગમ વસ્તુઓની પ્રતિજ્ઞાને બાદ કરતાં અનુક્રમે એ અને બી માં જણાવવામાં આવ્યા છે. તમે ઉક્ત કરાર(ઓ)/દસ્તાવેજો (દસ્તાવેજો)ના સંદર્ભમાં ઉક્ત નાંણાકીય સહાયની ચુકવણી માટે બાંયધરી સાથે નાંણાકીય સહાયનો લાભ લીધો છે.

૨) તમે બેંકની તરફેણમાં ટાઇટલ ડીડ/રજીસ્ટર્ડ મોર્ગેજ રજૂ કરેલ હતું, મોર્ગેજ અંગેના જરૂરી દસ્તાવેજો અહીં શિડયુલ બી માં દર્શાવેલ છે.
**સુરક્ષિત દેવા અને સુરક્ષિત મિલકતોને લગતી વિગતો અહીં શિડયુલ સીમાં દર્શાવેલ છે.**
**જે મિલકત જે ઘર નં. બી-૧૦૭, ગોકુલ ટાઉનશીપનો પ્લોટ એરીયાનો ક્ષેત્રફળ ૭૪.૩૪ સ્કે.મીટર અને અવિભાજીત સરખા ભાગનો કોમન પ્લોટ અને રોડનો ક્ષેત્રફળ ૪૧.૪૨ સ્કે.મીટર, બીલ્ટ અપ એરીયા ૭૩.૭૫ સ્કે.મીટર અને બાંધકામ વાળી જમીન, જે જમીનનો આર.એસ.નં. ૮૩૧, સી.એસ. નં. ૧૫૯૮, જે મોજે-ગોત્રી, સબ જિ.-વડોદરા, જિ. વડોદરા ખાતે આવેલ સ્થાવર મિલકત. ● ચતુરસીમા : ● પુર્વે :** ફ્લેટ નં. બી-૧૦૬, **● પશ્ચિમે :** ફ્લેટ નં. બી-૧૦૮, **● ઉત્તરે :** સોસાયટીનો રસ્તો, **● દક્ષિણે :** ફ્લેટ નં. બી-૧૧૦.

૩) તમે અન્ય દસ્તાવેજો પર સમયાંતરે બાકી રકમની ચકાસણી કરીને ઉપરોક્ત ક્રેડીટ સુવિધાના સંદર્ભમાં જવાબદારી સ્વીકારી છે. નાણાંકીય સહાય/ક્રેડીટ સુવિધાઓનું સંચાલન અને આચરણ અનિયમિત થઇ ગયું છે અને રિઝર્વ બેંક દ્વારા નિર્દેશિત કરાયેલ માર્ગદર્શિકા અનુસાર તમારૂં ખાતાને તમારા દ્વારા મુળ રકમ અને તેના પરના વ્યાજની ચુકવણીમાં કરવામાં આવેલ કસુરને ધ્યાનમાં લઈ તા. ૨૮.૦૯.૨૦૨૫ના રોજ નોન પર્ફોર્મિંગ એસેટ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે. મુખ્ય દેવું અને તેના પરના વ્યાજની ચુકવણીમાં તમારા દ્વારા કરવામાં આવેલ ડિફોલ્ટના પરિણામે. ઉપરોક્ત નાંણાકીય સહાય પણ ખાનગી ગેરંટી દ્વારા સુરક્ષિત છે.

૪) વારંવાર વિનંતીઓ કરવા છતાં, તમો ઉપાર્જિત બાકી રકમ / બાકી જવાબદારીઓ નિષ્ફળ અને અવગણના કરી છે. અહીં તમને જણાવીએ છીએ કે સિક્યોરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની કલમ ૧૩(૨) હેઠળ તમને સુચિત કરવામાં આવે છે કે બાકી રકમ **રૂા. ૪૮,૦૦,૦૨૯.૮૦/- (રૂા. અડતાલીસ લાખ ઓગણત્રીસ અને એંસી પૈસા પુરા) તા. ૨૮.૦૯.૨૦૨૫ સુધી (તા. ૩૧.૦૫.૨૦૨૫ સુધીના વ્યાજ સહિત)** તથા ઉપરોક્ત રકમ પર કરારના દરે ભાવિ વ્યાજ, આકસ્મિક ખર્ચા, કોસ્ટ, ચાર્જ વગેરે સાથે ચુકવવા પણ જવાબદાર છો.

૫) જો તમો વધારાનું વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓ સાથે **રૂા. ૪૮,૦૦,૦૨૯.૮૦/- (રૂા. અડતાલીસ લાખ ઓગણત્રીસ અને એંસી પૈસા પુરા) તા. ૨૮.૦૯.૨૦૨૫ સુધી (તા. ૩૧.૦૫.૨૦૨૫ સુધીના વ્યાજ સહિત)** તથા વધારાના વ્યાજ અને આકસ્મિક ખર્ચાઓની ચુકવણીમાં કસુર કરશો તો આ અધિનિયમ કલમ ૧૩(૨)ની શરતો મજુબ ઉપર જણાવેલ કલમ ૧૩ની પેટા કલમ(૪) હેઠળ અને ઉપરોક્ત અધિનિયમની અન્ય લાગુ જોગવાઇઓ હેઠળ વિગતવારના તમામ અથવા કોઇપણ અધિકારનો ઉપયોગ કરવામાં આવશે.

૬) તમને એ પણ તાકીદ કરવામાં આવે છે કે ઉપરોક્ત કાયદાની કલમ ૧૩(૧૩)ના સંદર્ભમાં આથી આપને નોટીસ આપવામાં આવે છે કે બેંકને જામીન આપેલ કોઇપણ સુરક્ષિત અસ્કયમતો બેંકની લેખિત મંજરી વિના આ નોટીસની સૂચિ સી માં વિગતવાર જણાવેલ સુરક્ષિત સંપતિને વેચાણ, લીઝ કે અન્ય રીતે તબદીલ કે હસ્તાંતર કરી શકશો નહીં.

૭) તમારા વતી જારી કરાયેલ અને સ્થપાયેલ બાકી રહેલા બિલો, બેંક ગેરંટી અને લેટર ઓફ ક્રેડિટ તેમજ અન્ય આકસ્મિક જવાબદારીઓ હેઠળ ઉભી થતી જવાબદારીઓને ચૂકવવા માટે બેંક તમને બોલાવવાના તેના અધિકારો અનામત રાખે છે. આ ઉલ્લેખ કરવો જરૂરી છે કે કાયદાની કલમ ૧૩(૮) મુજબ સુરક્ષિત મિલકત / ગિરવે મુકેલ મિલકતના રિડેમ્પશનનો તમારો અધિકાર, જાહેર હરાજી માટે સૂચના પ્રકાશિત થાય તે પહેલાં અથવા ફક્ત સુરક્ષિત સંપત્તિના લીઝ, સોંપણી, અથવા વેચાણ માટે જાહેર અથવા ખાનગી સંધિમાંથી ક્વોટેશન અથવા ટેન્ડર મંગાવવાની તારીખ પહેલાં બેંકને તમામ ખર્ચ, કોસ્ટ, અન્ય ખર્ચ વગેરે સાથે સંપૂર્ણ બાકી રકમ ચૂકવવાને આધીન રહેશે.

૮) આ નોટીસ કાયદાની અન્ય જોગવાઇઓ હેઠળ જે જરૂરી જણાતી હોય તેવી અન્ય કાર્યવાહી અથવા કાનુની કાર્યવાહી કરવાના અધિકારને કોઇપણ પૂર્વગ્રહ વિના આપે છે.

સહી/-
અધિકૃત અધિકારી,
યુકો બેંક

તારીખ : ૧૨.૦૧.૨૦૨૬
સ્થળ : વડોદરા
(વિવાદીત સ્થિતી અંગ્રેજી જાહેર ખબર માન્ય રહેશે.)